# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**પરિપત્ર નં.:૫૮/૨૦૧૬**

**વિષય :– રાજીવ ગાંધી નેશનલ ફેલોશીપ SC/ST તેમજ NET/JRF/ M.Phil/ Ph.D સ્કોલરશીપ અંગે.**

યુ.જી.સી. ધ્વારા અગાઉ ઉપરોકત પ્રકારની સ્કોલરશીપ / ફેલોશીપ શરૂઆતમાં ઓફ લાઈન મંજૂર કરવામાં આવતી હતી. હવેથી આ સ્કોલરશીપ/ ફેલોશીપ ઓન લાઈન અરજી મંગાવ્યા બાદ યુ.જી.સી. ધ્વારા વિદ્યાર્થીની સ્કોલરશીપ / ફેલોશીપ મંજુર થાય તો વિદ્યાર્થીના કેનેરા બેંકના ખાતામાં સીધી જ જમા આપવામાં આવે છે. તેથી આ બાબતે નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

⇨ યુ.જી.સી. તરફથી સ્કોલરશીપ / ફેલોશીપ મંજુર થયા બાદ તેના મંજુરી પત્રના આધારે તે વિદ્યાર્થીના ફોર્મની અંદર સહી સિકકા કરાવવાના થાય છે. તેમાં વિદ્યાર્થીની સહી, ગાઈડની સહી અને ત્યારબાદ Registrar,Director કે Principal ની સહી થયા બાદ તે ફોર્મ બેંકમાં જમા કરાવવાનું થાય છે. ત્યારબાદ જ સ્કોલરશીપ/ ફેલોશીપ તેમના ખાતામાં જમા થવાનું ચાલુ થાય છે. તે સંદર્ભે નીચે પ્રમાણે કાર્યવાહી કરવી.

⇨ જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના વિભાગોમાં M.Phil /Ph.D માટે રજીસ્ટર્ડ થયેલ છે. તેઓ ધ્વારા સામેલ રાખેલ Annexures માં અત્રેના યુનિવર્સિટી ખાતેના ગાઈડ અને વિભાગના વડાની સહી કરાવી યુ.જી.સી. શાખાને રજૂ કરતા તેમાં રજીસ્ટ્રારશ્રીની સહી કરી આપવામાં આવશે. અને તેની એક નકલ અત્રે રાખવામાં આવે છે. અને વિદ્યાર્થી ને એક નકલ આપવામાં જ તેઓએ કેનેરા બેંકમાં મોકલી આપવાની રહેશે.

⇨ પરંતુ જે વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજના પ્રાધ્યાપક/ પ્રિન્સીપાલના ગાઈડ નીચે M.Phil /Ph.D વિદ્યાર્થી તરીકે નોંધાયેલ છે તેવા વિદ્યાર્થીઓને નિયત Annexures માં તેમના ગાઈડ અને જે તે કોલેજના પ્રિન્સીપાલ / વડાએ સહી કરી આપવાની થાય છે. પરંતુ કોલેજ કક્ષાએ આ પ્રમાણે સહી નહી કરતા અને અત્રે યુનિવર્સિટી તેમને સૂચના આપે તેવું જણાવે છે. પરિણામે યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ બિન જરૂરી રીતે આવવું પડે છે. અને અત્રે વિદ્યાર્થીઓને પરેશાની થાય છે. તેથી આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ગાઈડ નીચે રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓના નિયત Annexures માં જે તે કોલેજના ગાઈડ અને તેની પ્રિન્સીપાલે સહી કરી આપવાથી થતી હોય તે પ્રમાણે પ્રથમ વિદ્યાર્થીની સહી, ગાઈડની સહી અને ત્યારબાદ પ્રિન્સીપાલે સહી કરી આપવી. જે કિસ્સામાં પ્રિન્સીપાલ જ ગાઈડ હોય તો તેવા કિસ્સામાં ગાઈડ તરીકે અને પ્રિન્સીપાલ તરીકે એમ બંને જગ્યાએ પ્રિન્સીપાલે જ સહી–સિકકા કરી આપવાના થાય છે. તેથી તે પ્રમાણે સહી કરી આપવી. અને તેની એક નકલ વિદ્યાર્થીએ CDC શાખામાં જમા કરાવવાની રહેશે.

(કૃપયા ઉલટાવો)

⇨ હાલ આ બાબતે રાષ્ટ્રીય સ્તરે ગંભીર ચર્ચા ચાલી રહી છે અને **સીસ્ટમ ફેલ્યોર** ને કારણે યુનિવર્સિટી ખાતે **SC/ST/OBC/ Minority** કે મહિલાઓ માટે જે કોઈ પ્રકારની સ્કોલરશીપ/ ફેલોશીપ મંજુર થાય તેમાં વિદ્યાર્થીઓને પરેશાની / મુશ્કેલી ન પડે તે માટે યુનિવર્સિટી કક્ષાએથી સ્પષ્ટ આ સૂચના આપવામાં આવે છે.

(૧) અન્ય યુનિવર્સિટીના વિભાગના પ્રાધ્યાપકો કે જેઓ અત્રે ગાઈડ તરીકે નોંધાયેલ હોય તો તેઓએ તેના ગાઈડે અને તેમના વિભાગના વડાએ સહી સિક્કા Annexures માં કરી આપવાના થાય. અને તેની એક નકલ સીડીસી શાખાને આપવાની રાખે તેમ જણાવીએ.

(૨) જે વિદ્યાર્થીએ સ્થાનિક કક્ષાએ અને પ્રાફેશનલી નોકરીમાં હોય તેઓ જ યુ.જી.સી. ના નિયમો અને અત્રેના પીએચ.ડી. ઓ.–૯ પ્રમાણે પાર્ટ ટાઈમ પીએચ.ડી વિદ્યાર્થી ગણાય છે. આમ અન્ય બધા જ વિદ્યાર્થીઓ ફુલ ટાઈમ રેગ્યુલર પીએચ.ડી. તરીકે નોંધાયેલ વિદ્યાર્થીઓ છે. તેથી અત્રેની પીએચ.ડી. પ્રશાખામાંથી પાર્ટટાઈમ વિદ્યાર્થી તરીકે નોંધેલ વિદ્યાર્થીઓને ચકાસણી પીએચ.ડી. પ્રશાખા કરી લેવી. જેથી ભવિષ્યમાં આ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉભો થાય નહીં.

ઉપરોકત મુદ્દાઓ ધ્યાને લઈ દરેક વિભાગો / કોલેજોના અધ્યક્ષશ્રીઓ/ આચાર્યશ્રીઓ અને ગાઈડશ્રીએ જે તે મંજૂર થયેલ સ્કોલરશીપ/ ફેલોશીપને હુકમ અને યુ.જી.સી.ની તે અંગેની ગાઈડ લાઈનનો અભ્યાસ કરી અને તેના નિયમો મુજબ વિદ્યાર્થીને Annexures માં સહી સિક્કા કરી આપવા જેની નોંધ લેશો.

કા.કુલસચિવ

નં.યુ.જી.સી./પરીપત્ર/૨૯૮/૨૦૧૬
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પાટણ–૩૮૪ ૨૬૫
તા.૨૧/૦૪/૨૦૧૬

પ્રતિ,

૧. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના તમામ અધ્યક્ષશ્રીઓ
૨. તમામ શાખાધ્યક્ષશ્રીઓ,
૩. યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજો/ માન્ય સંસ્થાઓના આચાર્યશ્રીઓ/ વડાશ્રીઓ,
૪. એકેડેમિક શાખા, પીએચ.ડી.શાખા, CDC શાખા,
૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, યુનિવર્સિટી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.

<u>નકલ સાદર રવાના :–</u>

⇨ માન.કુલપતિ/ માન.ઉપકુલપતિ/કા.કુલસચિવશ્રી કાર્યાલય

D:\JOSHI\UGC\SCHOLARSHIP PARIPATRA 2016.doc